# જગત-રંગ

(ધર્મ, રાજકારણ, સંસ્કૃતિ વિશેના લેખો)

ઉમાશંકર જોશી

સંપાદક : સ્વાતિ જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

# નિવેદન

ઉમાશંકર જોશીના સાંસ્કૃતિક જીવન વિશેનાં લખાણોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. આ પહેલાં 'ઉઘાડી બારી' અને 'શિવસંકલ્પ'માં એમના ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ અને રાજકારણ ઉપરના લેખો સંગ્રહિત થયા છે. કેળવણીનો કીમિયોમાં એમના શિક્ષણ ઉપરના લેખો પ્રકાશિત થયા છે. શિક્ષણ ઉપરનાં એમનાં બાકી રહેલાં લખાણો પ્રગટ થનાર 'કેળવણીનો કીમિયો'ની સંવર્ધિત આવૃત્તિમાં ઉમેર્યાં છે. આ પુસ્તકમાં એમના ધર્મ, સંસ્કૃતિ, રાજકારણ અને અન્ય વિષય પરના અપ્રગટ અને અગ્રંથસ્થ લખાણો મૂક્યાં છે.

'સમયરંગ' અને 'શેષ સમયરંગ'માં સાંપ્રત બનાવો અંગેની નોંધો અને ચર્ચાઓ છે. આ પુસ્તક 'જગતરંગ'માં આ બનાવો પાછળ રહેલા જગતના, સમાજના, સાંસ્કૃતિક જીવન વિશેના સામાન્ય પ્રશ્નોની વિસ્તૃત વિચારણા છે. ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણ એ ઉમાશંકર જોશી માટે એક સમગ્ર જીવનદૃષ્ટિના પર્યાયો હતા. આ જીવનદૃષ્ટિ બહોળા અર્થમાં સમાજમાં મનુષ્યના સમગ્ર જિવાતા જીવન અંગેની છે, જેમાંથી એક ન્યાયી સમાજની ઝાંખી થાય. ધર્મ એટલે શાસ્ત્રગ્રંથો કે ધર્મપુરુષોનો સમાજ પર પકડ જમાવતો ઉપદેશ નહીં પરંતુ સાચા અર્થમાં માનવધર્મ, માણસની માણસાઈનું પોત; જે એને, સમાજને અને દેશને' ''અમાનુષી'' કાળાંબજાર, સડેલ નોકરશાહી અને સત્તાલોલુપ કોમવાદ'ના મહારોગ સામે લડવાની તાકાત આપે અને સમાજશરીર તેમ જ રાજ્યશરીરને સ્વસ્થ બનાવે. ધર્મનું ખરું સ્વરૂપ એમને મતે ભારતના 'બળવાખોર' મધ્યકાલીન સંતોમાં પ્રગટ થયું હતું જેમણે ધર્મના સંસ્થાપનો (એસ્ટાબ્લીશમેન્ટ્સ), જેમાં ધર્મ એ શાસનનો એક હાથ બને છે, એની સામે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો અને ધર્મ ધર્મ વચ્ચેના, જાતિ જાતિ વચ્ચેના, ઊંચનીચના ભેદભાવ ભૂંસવા એકતારા પર એકતાનો સૂર છેડ્યો હતો.

'સંસ્કૃતિ' એટલે પણ બહોળા અર્થમાં મનુષ્યનું સમાજમાં જિવાતું જીવન જેમાં ધર્મ અને કળા જ નહીં પરંતુ મનુષ્યની માન્યતાઓ, નૈતિક મૂલ્યો, વિચારો, ભાષા અને સામાજિક-આર્થિક-રાજકીય સંસ્થાઓનો સમાવેશ થાય. શ્રી રસિકલાલ પરીખને જુલાઈ ૧૯૫૪ના એક પત્રમાં એમણે લખ્યું હતું કે કેવળ કલા અને ધર્મના અર્થમાં જ નહીં

પણ 'આ કમબખ્ત ભારતીય સંસ્કૃતિ એ તો જીવવાની ચીજ છે, નરી જીવવાની, કહો કે લપ જ છે.' ભારતે રાજકીય સ્વતંત્રતા મેળવી એ પછીના દાયકામાં આ પુસ્તકમાંના લેખો સાક્ષી પૂરે છે તેમ, અનેક વાર એમણે સાવચેતીનો સૂર ઉઠાવ્યો હતો કે 'આપણામાં કાંઈ પણ લાજશરમ હોય તો આપણા આધ્યાત્મિક વારસાની અને આપણી ભવ્ય સંસ્કૃતિની ગુલબાંગો પુકારવામાંથી આપણે ઊંચા આવવું જોઈએ.' બે વિશ્વયુદ્ધો પાછળ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ફાળો નાનોસૂનો ન હતો. આ સંદર્ભમાં એમણે રવીન્દ્રનાથ ટાગોરનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. ટાગોરે એમની નવલકથાઓમાં ખાસ કરીને 'ગોરા'માં ધર્મને નામે થતા, સંસ્કૃતિના સંકુચિત અર્થ સામે બુલંદ અવાજ ઉઠાવ્યો છે, અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો વિરોધ કર્યો છે. સંકુચિત મંડળો દ્વારા 'સંસ્કૃતિ'ના ઝનૂનની અસર નીચે લોકશાહી રાષ્ટ્રો પણ સાંસ્કૃતિક સ્વાતંત્ર્યનો ભોગ માગે છે એ સામે આંગળી ચીંધી ઉમાશંકર જોશીએ તે અંગે સાવધ રહેવા સૂચવ્યું છે. પોતાનાથી ભિન્ન ભાસતાં સમાજો અને સંસ્કૃતિઓ પ્રત્યે સહિષ્ણુતા અને એથીયે વધારે, સ્પષ્ટ ભાવાત્મક (પોઝિટિવ) બંધુતાની વૃત્તિની જરૂરિયાત પર એમણે ભાર મૂક્યો છે. માનવ-અધિકારનો પ્રશ્ન એ વૈયક્તિક અને સાંસ્કૃતિક સ્વાયત્તતાની સમજ અને માગણી સાથે સંકળાયેલો છે. સંસ્કૃતિ એ છેવટ જતાં સામાન્ય માનવીના જિવાતા જીવન સાથે સંબંધ ધરાવે છે. જે રાજ્યવ્યવસ્થામાં આ પ્રકારની સંસ્કૃતિની સમજ પ્રવર્તે છે તેનાં લોકશાહી અને સમાજવાદનો સમન્વય થયેલો જોવા મળે છે.

આ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે ફિલ્મ, નૃત્ય, સંગીત, સાંસ્કૃતિક અને સાહિત્યિક સંસ્થાઓ અને પ્રજા જીવન વચ્ચેના સંબંધો વિશે પણ અહીં લખાણો છે.

જે પ્રકારની જીવનદૃષ્ટિ આ પુસ્તકના લેખોમાં છતી થાય છે તે આજના સંકટને સમજવા અને એવાથી ઊગરવા માટે ઘણી પ્રસ્તુત છે. આજે એકવીસમી સદીના આરંભે ભારતમાં, ખાસ કરીને ગુજરાતમાં, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ઓથાર વ્યક્તિ અને સંસ્કૃતિની સ્વાયત્તતાને ભરડી રહ્યો છે ત્યારે આ લેખો આપણને આજના પ્રશ્નો પર ફરીથી વિચારવા તરફ દોરશે તેવી આશા છે.

૫, જુલાઈ, ૨૦૧૧ — **સ્વાતિ જોશી**

અમદાવાદ

# અનુક્રમ


૧. શ્રદ્ધામયોઽયં પુરુષઃ ........ ૧
૨. ધ્રુવા નીતિઃ ........ ૩
૩. જીવો જીવમજીવયત્ ........ ૫
૪. સર્વે કર્મવશા વયમ્ ........ ૭
૫. ન મે ભક્તઃ પ્રણશ્યતિ ........ ૯
૬. શ્રદ્ધાવન્તોઽનસૂયન્તઃ ........ ૧૧
૭. શકુન્તલા ........ ૧૩
૮. ભારતની સંતધારા ........ ૧૫
૯. તેને રોજ દિવાળી જ દિવાળી છે ........ ૧૭
૧૦. યોગ – ચિત્તવૃત્તિનિરોધ ........ ૧૯
૧૧. પરમજિજ્ઞાસુ નચિકેતા ........ ૨૫
૧૨. શ્વેતકેતુનું ભણતર ........ ૨૭
૧૩. સત્યકામ જાબાલ ........ ૨૯
૧૪. ધર્મ્ય અમૃત ........ ૩૧
૧૫. ધર્મો વિશ્વસ્ય જગતઃ પ્રતિષ્ઠા ........ ૩૩
૧૬. રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ ........ ૩૫
૧૭. પ્રધાન-ગૌણ વિવેક ........ ૩૭
૧૮. નાટારંગ ........ ૩૯
૧૯. નૈતિક લોકશાહી ........ ૪૧
૨૦. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ........ ૪૩
૨૧. પામરતાનું વિરાટ પ્રદર્શન ........ ૪૫
૨૨. હિન્દુસ્તાનનું સ્વપ્ન, હિન્દુસ્તાનની ખોજ ........ ૪૭
૨૩. 'સૌમ્યતમ સત્યાગ્રહ' ........ ૪૯
૨૪. આંતરિક સડો ........ ૫૧
૨૫. સ્વાતંત્ર્યનું આહ્વાન ........ ૫૩
૨૬. ભારતીય જીવનદષ્ટિ ........ ૫૭
૨૭. સંસ્કૃતિ – પ્રાદેશિક, રાષ્ટ્રીય, માનવીય ........ ૬૪
૨૮. પૂર્વ અને પશ્ચિમનાં શાશ્વત મૂલ્યો ........ ૭૦
૨૯. પ્રાદેશિક વિરુદ્ધ પ્રાન્તીય દષ્ટિકોણ ........ ૭૯

૩૦. હિંદનો અન્ય પ્રદેશ એ કાંઈ પરદેશ નથી... ૮૧
૩૧. લોકશાહી સુરક્ષાસંઘ પરિસંવાદ : સંચાલકીય ૮૪
૩૨. સામાજિક ક્રાન્તિના અભાવે ખતમ થઈ જઈશું ૮૮
૩૩. અંતરતમ એકતાનો ફુવારો ૯૨
૩૪. સંદેશ ૯૫
૩૫. સંદેશો ૯૬
૩૬. તરુણ નાગરિકોનું અભિવાદન ૯૭
૩૭. રાષ્ટ્રધર્મ ૯૯
૩૮. ભારતની સંસ્કૃતિ સાબૂત છે : રૂડા પ્રતાપ સામાન્ય માનવીના ૧૦૩
૩૯. નૂતન દુનિયા થશે હવે ૧૧૦
૪૦. આજના યુવકની બેચેની ૧૨૧
૪૧. માનવજગતની એકતા ૧૨૩
૪૨. દક્ષિણ એશિયા : અમેરિકી વિદેશનીતિની કસોટી ૧૨૬
૪૩. માનવ-આરોહણ ૧૩૫
૪૪. ‘અનિશ્ચિતતાનો યુગ’ ૧૩૮
૪૫. શાંતિનું દુર્નિવાર પરિબળ ઊભું કરીએ ! ૧૪૨
૪૬. સમાનધર્મીઓનો સર્વોદય સમાજ ૧૪૬
૪૭. ચિત્રગુપ્તને સથવારે : વાત માત્ર એક દિવસની ૧૫૨
૪૮. એક પત્ર : સ્મિતા પાટિલ વિશે ૧૫૭
૪૯. કૂડિયાટ્ટમ્ ૧૬૦
૫૦. સંગીત – આત્માનો ખોરાક ૧૬૪
૫૧. સુવર્ણચંદ્રકો અને પારિતોષિકો ૧૬૭
૫૨. બૃહત્ સારસ્વત કુટુમ્બ ૧૭૧
૫૩. સાહિત્ય અકાદેમી : એક ઊછરતો છોડ ૧૭૫
૫૪. ક. લા. સ્વાધ્યાયમંદિર : ઉદ્‌ઘાટન-પ્રવચન ૧૮૦
૫૫. [ઘર... બાળક] ૧૮૮
૫૬. અભ્યાસ ૧૮૯
૫૭. અનંત શબ્દ : પ્રકાશક અને વાચક ૧૯૪
૫૮. વાચકની રુચિના બોલતા આંકડા ૨૦૧
૫૯. પ્રજાહૃદયમાં વ્યાપતો સૂનકાર ૨૦૩
૬૦. ગ્રંથોના મયખાના ખોલીએ ૨૦૫
૬૧. પુસ્તકાલય : એક ધબકતું સંસ્કારકેન્દ્ર ૨૦૮
૬૨. પ્રવચનની ઊડતી નોંધ ૨૧૩